વિશ્વમાં કોરોનાના એક્ટિવ કેસમાં ભારત બીજા સ્થાને

કોરોના કેસોનો કુલ આંકડો ૨૪.૬૧ લાખને પાર, મૃત્યુઆંક ૪૮ હજારથી વધુ : ૨૪ કલાકમાં ૬૪,૫૫૩ પોઝિટિવ કેસ, ૧૦૦૭ના મોત

ન્યુ દિલ્હી,તા.૧૪

દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો આતંક પૂર ઝડપે વધી રહ્યો છે. દેશમાં છેલ્લા થોડા સમયથી કોરોના સંક્રમિતોના કેસ સતત વધી રહ્યા છે. આ સાથે જ કોરોનાથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ ધીમે ધીમે વધી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે શુક્રવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૨૫ લાખ નજીક પહોંચી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૬૪૫૫૩ કેસ નોંધાતા કુલ કેસ ૨૪૬૧૧૯૦ થઈ ગયા છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ પણ સુધરીને ૭૦.૩૮ ટકા થઈ ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૫૫૭૩ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૧૭૫૧૫૫૫ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા વધારે થઈ ગઈ છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૦૭ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૪૮૦૪૦ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે શુક્રવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૬૬૧૫૯૫ એક્ટિવ કેસ છે.

દેશમાં કોરોના વાયરસના સૌથી વધારે ૫૬૦૧૨૬ કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે જ્યારે ૧૯૦૬૩ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૩૨૦૩૫૫ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૫૩૯૭ લોકો કાળનો કોળિયો બની ગયા છે. કર્ણાટકને પાછળ છોડીને આંધ્રપ્રદેશ આ યાદીમાં ત્રીજા સ્થાન પર પહોંચી ગયું છે. આંધ્ર પ્રદેશમાં ૨૬૪૧૪૨ કેસ નોંધાયા છે જ્યારે ૨૩૭૮ લોકો મોતને ભેટ્યા છે.

કર્ણાટકમાં ૨૦૩૨૦૦ કેસ નોંધાયા છે જ્યારે ૩૫૧૦ લોકોના મોત થયા છે. ત્યારબાદ પાંચમાં સ્થાન પર દિલ્હીમાં ૧૪૯૪૬૦ કેસ નોંધાયા છે જ્યારે ૪૧૬૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. ત્યારબાદ ઉત્તર પ્રદેશ ૧૪૦૭૭૫ કેસ સાથે છઠ્ઠા ક્રમાંક પર છે જ્યારે ૧૦૭૩૨૩ કેસ સાથે પશ્ચિમ બંગાળ સાતમાં ક્રમાંક પર છે. જ્યારે બિહાર આ યાદીમાં આઠમાં ક્રમ પર છે જ્યાં ૯૪૧૯૩ લોકો સંક્રમણમાં આવ્યા છે. કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૦૯૦૪૯૩૪ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૭૫૫૭૩ લોકોના મોત નિપજ્યા છે. ૧૨૯૯૨૦૫૧ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૭૧૫૭૩૧૦ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર બ્રાઝિલ, ત્રીજા સ્થાન પર ભારત અને ચોથા સ્થાન પર રશિયા છે.

કોરોના અપડેટ્સ

ક્યાં	કેસ	મૃત્યુ	રિકવર
વિશ્વ	૨૧૧૬૧૭૯૭	૭૫૯૨૨૦	૧૪૦૩૮૯૮૧
ભારત	૨૫૧૦૭૧૫	૪૮૯૬૭	૧૭૯૫૫૫૮
ગુજરાત	૭૬૫૬૯	૨૭૪૮	૫૯૬૨૨
ગાંધીનગર	૧૯૬૨	૧૦૯	૧૫૮૪

ગાંધીનગરના શિક્ષક સંગઠ્ઠનો, શૈક્ષણિક સંસ્થાના સંચાલકો તેમજ તંત્રના ઉપક્રમે આજે ૭૪ મા સ્વાતંત્ર્ય દિનની પૂર્વ સંધ્યાએ એક રક્તદાન કેમ્પનું આયોજન રેડિયન્ટ સ્કૂલ ખાતે કરાયુ હતુ. જિલ્લામાંથી આજે ૫૮ જેટલા કર્મયોગીઓએ રક્તદાન કર્યુ હતુ. સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે આ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષણના આ કર્મયોગીઓની ઉમદા સેવાને બિરદાવવા જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય પણ ગયા હતા. તેમણે તંત્રના અધિકારીઓ પાસેથી થયેલ રજીસ્ટ્રેશન સહિતની જાણકારી મેળવી હતી. આ કેમ્પને ટીમ શિક્ષણે ખભેખભા મિલાવી સફળ બનાવી હતી.

ગ્રામ્ય વિસ્તાર... ● છેલ્લા પાનાનું ચાલુ

સરગાસણ ગામેથી પણ વધુ ૩ કેસ મળી આવ્યા છે. જેમાં એક ૩૮ વર્ષીય પુરૂષ, ૩૧ વર્ષીય પુરૂષ અને એક ૬૭ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે. વાવોલ, કુડાસણ, સરગાસણમાંથી જ આજે ૧૧ કેસ મળી આવ્યા છે. કોરોના માટે આ વિસ્તાર અત્યંત સંવેદનશીલ બની ઉભરી રહેલ છે.

કુડાસણમાં અત્યાર સુધીમાં ૧૦૦ થી વધુ કેસ થયાનું અને વાવોલમાં કેસોની સંખ્યા ૫૦ને પાર કરી ગઈ હોવાનું જાણવા મળેલ છે. માણસા તાલુકામાં આજે કેસોની સંખ્યા ૬ થઈ છે. જેમાં ગ્રામીણ વિસ્તારમાં પાંચ અને અર્બન વિસ્તારમાં એક કેસનો સમાવેશ થાય છે. માણસા પંથકમાં કેસોની સંખ્યા ઝડપથી વધી રહી હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. મળતી વિગતો પ્રમાણે ચરાડા ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૩૦ વર્ષીય યુવાન અને ૨૪ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બાપુપુરા ગામેથી પણ બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૩૪ વર્ષીય પુરૂષ અને ૬૦ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે.

વિહારમાંથી એક ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત માણસા અર્બન વિસ્તારમાંથી એક ૬૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલમાં આજે ગ્રામ્ય વિસ્તારમાંથી બે તેમજ અર્બન વિસ્તારમાંથી ૪ કેસ મળી આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે સેમી અર્બન વિલેજ તરીકે વિકસી રહેલ બોરીસણા ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૬૧ વર્ષીય મહિલા અને ૩૫ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે.

કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૬૦ વર્ષીય મહિલા અને ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે અર્બન-૨ વિસ્તારમાંથી ૫૦ વર્ષીય મહિલા અને ૨૯ વર્ષીય યુવાનનો સમાવેશ થાય છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં રિકવરી રેટ સારો હોવાનો તંત્રએ દાવો કર્યો છે. આજે વધુ ૨૨ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૧૦૪ દર્દીઓ રિકવર થઈ ગયા હોવાનું તંત્રએ જણાવ્યુ છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે હાલ ૧૫૫ દર્દીઓની એક્ટીવ કેસ તરીકે સારવાર ચાલી રહેલ છે. જિલ્લામાં આજે ૧૮,૦૩૧ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ડિસ્ચાર્જ પણ ૧૧.... ● છેલ્લા પાનાનું ચાલુ

તંત્રએ આ યુવાન દર્દીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે. સે. ૪ માં રહેતા એક ૭૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે યુ.એન.મહેતા હોસ્પિટલ અમદાવાદ ખાતે દાખલ કરવામાં આવ્યા છે. તેમના પરિવારની એક વ્યક્તીને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે. ખેડબ્રહ્મા સિવિલ હોસ્પિટલમાં ડૉક્ટર તરીકે સેવા આપતા અને ઈન્ફોસીટી ખાતે રહેતા વધુ એક કોરોના વોરિયર્સનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૫૩ વર્ષીય તબીબે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જેને તંત્રએ મંજૂર પણ રાખ્યો છે. સે. ૨૪ માં રહેતા અને ધાંગધ્રા ખાતે વહીવટીય અધિકારી તરીકે સેવા આપતા ૫૬ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ તેમના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૫ જી.આઈ.ડી.સી.માં સોલારનું કામ કરતા અને સે. ૨૬ માં રહેતા એક ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેમના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૫ માંથી એક ૩૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. તેણીનીના પરિવારના પાંચ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. મહેન્દ્ર ફાયનાન્સમાં બાયડ ખાતે સેવાઓ આપતા અને સે. ૩ ખાતે રહેતા ૩૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ હાઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેમના પરિવારના ૬ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૩ માંથી જ એક ૪૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તેણીનીના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. આજે સે. ૩ માંથી બે કેસ, સે. ૭ માંથી બે કેસ અને સે. ૬ માંથી બે કેસ મળી આવ્યા છે. આમ નવા સેક્ટરો જે કોરોના માટે અતિ સંવેદનશીલ બની રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. આજે નોંધાયેલા કેસોમાં પણ લોકલ ટ્રાન્સમિશનના કેસો વધુ દેખાઈ રહ્યા છે. શહેરમાં ૨૨૦ થી વધુ કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે. શહેરમાં નોંધાયેલા દર્દીઓ પૈકી હાલ ૧૦૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૪૯૪ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. તંત્રએ આજે વધુ ૩૨૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. જેમાં ૪૧ લોકો સરકારી ફેસીલીટી સેન્ટરમાં અને ૨૭૯ લોકો હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
ઈ-ટેન્ડર નોટીસ-૦૭ સને ૨૦૨૦-૨૧
આઈ.ડી. નં. ૪૨૦૮૦૮

કાર્યપાલ ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સહયોગ સંકુલ બી-વીંગ, પાંચમા માળે, પથિકાશ્રમની બાજુમાં, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ગાંધીનગર જિલ્લાના તાલુકાના પેથાપુર ખાતે બનાવવાના થતા ૩.૮૦ એમ.એલ.ડી. ક્ષમતાના નવીન એસ.ટી.પી. અને એસ.ટી.પી.ના શુદ્ધ કરેલ ગટરના પાણીનો ઉપયોગ કરવાની યોજના રૂ. ૧૦૫૯.૫૫ લાખ માટે બીએનઆર, સિવિલ ઈલેક્ટ્રીકલ મીકેનકલ પાઈપીંગ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન વર્ક સાત વર્ષની મરામત અને નિભાવણી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટના માટે યોગ્ય શ્રેણીમાં યોગ્ય પાત્રતા ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે. ઠેકેદારે બીડ ડોક્યુમેન્ટના પાત્રતાના ધોરણો મુજબ ઉત્તીર્ણ થવાનું રહેશે. કામની વિગતો માટે વેબસાઈટ http:/gwssb.nprocure.com તથા www.gwssb.org તથા http:/www.statenders.com ઉપર પ્રાપ્ય છે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ છ ૧૧-૯-૨૦૨૦ છે જે વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે અને આ ટેન્ડરમાં ભવિષ્યમાં કરવાના થતાં સુધારા ઓનલાઈન મુકવામાં આવશે. કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય એક કે બધા ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર જી.ડબલ્યુ. એસ.એસ. બોર્ડનો રહેશે. ફોન નં. ૯૯૭૮૪૪૩૯૨૯.

માહિતી/૬૫૮/૨૦-૨૧

૭૪ માં સ્વાતંત્ર્ય પર્વે મુખ્યમંત્રીનો પ્રજાજોગ સંદેશ

ચાર અક્ષરનો શબ્દ 'ગુજરાત' આજે વિકાસ શબ્દનો પર્યાય બની ગયો : મુખ્યમંત્રી

ગુર્જર ગિરાને ઉત્તમથી સર્વોત્તમ બનાવવા સૌ પ્રતિબદ્ધ થઈએ : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ૭૪માં સ્વાતંત્ર્ય પર્વે ગુજરાતના સૌ નાગરિક ભાઈ-બહેનોને ગુર્જર ગિરાને ઉત્તમથી સર્વોત્તમ બનાવવા પ્રતિબદ્ધ થવાનું આહવાન કર્યુ છે.

મુખ્યમંત્રીએ ગુજરાતની વિકાસયાત્રા કોરોના કાળમાં પણ સતત-અવિરત જારી રાખી ન રૂકના હૈ, ન ઝૂકના હૈ ચરિતાર્થ કર્યુ છે તેમ ગૌરવપૂર્વક જણાવ્યું છે.

તેમણે પડકારોને તકમાં પરિવર્તીત કરી ગુજરાત હોલીસ્ટીક ડેવલપમેન્ટ દ્વારા વિકાસ શબ્દનો પર્યાય બની ગયું છે તેમ જણાવતાં અંતરાયો-મુશ્કેલીઓ તકલીફો છતાં રાજયની વિકાસ યાત્રા તસુભાર પણ અટકવા નથી દેવી તેવો કોલ સ્વતંત્રતા પર્વના પ્રજાજોગ સંદેશમાં આપ્યો છે.

મુખ્યમંત્રીનો સ્વાતંત્ર્ય દિન પ્રજાજોગ સંદેશ અક્ષરશઃ આ પ્રમાણે છે

ગુજરાતના મારાં વ્હાલા ભાઈઓ અને બહેનો. આઝાદી પર્વની આપ સૌને ખૂબ-ખૂબ શુભકામનાઓ...

સંપૂર્ણ દેશ ૭૪મું આઝાદી પર્વ ઉજવી રહ્યો છે. એ આઝાદીના મૂળિયા જેમણે સીંચ્યા છે એવા આઝાદીના તમામ લડવૈયાઓ, ક્રાંતિકારીઓ, અનેક નામી-અનામી એવા સૌ કોઈને આજના દિવસે પુણ્ય સ્મરણ કરીને, એ સૌને આજે વંદન કરીએ છીએ.

વર્ષોનાં વર્ષો અવિરત સંઘર્ષ કરીને, બ્રિટિશરોની લાઠીઓ ખાઈ-ખાઈને, ગોળીઓ ઝીલી-ઝીલીને ફાંસીના તખ્તા ઉપર ચઢીને આ મહામૂલી આઝાદી અપાવી છે.

ખુદીરામ બોઝ, ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ, વીર સાવરકર, મહાત્મા ગાંધી, લોકમાન્ય તિલક, સુભાષચંદ્ર બોઝ, સરદાર વલ્લભભાઈ પટેલ- એવા અનેક લોકોએ આઝાદીની લડતનું નેતૃત્વ કરીને બ્રિટિશરો સામે લડતાં-લડતાં આપણને આ આઝાદી અપાવી છે.

દેશ માટે મરી ફીટનાર, જાન કુરબાન કરનાર, સૌ કોઈને નમન કરવાનો- યાદ કરવાનો આ અવસર છે.

આઝાદી સંગ્રામવેળાએ પૂજ્ય મહાત્મા ગાંધીના નેતૃત્વમાં અંગ્રેજો સામે દેશવ્યાપી અહિંસક ચળવળ-સત્યાગ્રહનો જુવાળ જાગેલો. આજે કોરોનાની મહામારી સામે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં દેશવ્યાપી ચળવળ જાગી છે, જનજાગૃતિની અને સારી આદતોની, સ્વચ્છાગ્રહની આ ચળવળ જાગી છે.

આપણે સૌ એક બની-નેક બની સારી આદતો કેળવીએ અને આ સંક્રમણને રોકવા માસ્કનો ઉપયોગ કરવો, સોશિયલ ડિસ્ટન્સ જાળવવું, હાથને વારંવાર સેનિટાઈઝ કરવા- અને કોરોના સામેનો પણ સંગ્રામ જીતવાનો છે.

ધાનેરામાં ગ્રામીણ વિસ્તારના રસ્તાઓ તૂટી જતા વાહન વ્યવહાર ખોરવાયો

ગતમોડી રાત્રે ધાનેરા સહિત અનેક વિસ્તારમાં મેઘરાજા મહેરબાન થયા હતા અને મેઘરાજા મન મૂકીને વરસતા સમગ્ર વિસ્તારમાં પાણી પાણી થઈ જવા પામ્યું છે તો કેટલીક જગ્યા પર નદી તેમજ વ્હોલાઓ પણ જીવિત થયા હતા અને કેટલીક જગ્યા પર વરસાદી પાણીને લઈ ગ્રામીણ વિસ્તારના રસ્તાઓ પણ તૂટી જવા પામ્યા હતા તો આ રસ્તાઓ તૂટી જતા કેટલાક ગામના સંપર્કો કપાયા હતા અને વાહન વ્યવહાર પણ ખોરવાઈ જવા પામ્યો હતો વાત કરવામાં આવેલ રુણી થી રાજોડા ને જોડતા રસ્તા ની તો રાજોડા ને જોડતો માર્ગ પાણીને લઈને તુટી જવા પામ્યો હતો અને રૂણી થી મેવાડા જેવા કેટલાક ગામોના સંપર્ક તૂટયા હતા તો બીજી તરફ તંત્ર દ્વારા પણ સમગ્ર બાબતને ધ્યાનમાં લઈ નુકશાનીનું સર્વે પણ શરૂ કરી દેવામાં આવ્યું છે ધાનેરા પ્રાંત અધિકારી મામલતદાર શ્રી તેમજ તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા પણ ધાનેરા તાલુકાના વિવિધ ગામોની મુલાકાત લેવામાં આવી છે.

સ્વાતંત્ર્ય દિન... ● પહેલા પાનાનું ચાલુ

એમઆઈ-૧૭ હેલિકોપ્ટર તૈનાત રાખવામાં આવનાર છે. આ ઉપરાંત એન્ટી વાયુ સેના હિડન એરબસ પણ કોઈ પણ ખતરાને પહોંચી વળવા માટે તૈયાર છે. હજુ સુધી સ્વતંત્રતા દિવસના પ્રસંગે માત્ર એમઆઈ-૩૫ તૈનાત કરવામાં આવતા હતા પરંતુ આ વખતે અતિ આધુનિક હથિયારો સાથે સજ્જ એમઆઈ-૧૭ પણ તૈનાત રહેશે. ઉંચી ઈમારતો પર એન્ટી એરક્રાફ્ટ ગન ગોઠવી દેવામાં આવી છે. ૩૬૦ ઈમારતો પર એન્ટી એરક્રાફ્ટ ગન તૈનાત કરવામાં આવી ચુકી છે. સીસીટીવી કેમરાની સંખ્યા બે ગણી કરી દેવામાં આવી છે. હવાઈ દળના આઠ હેલિકોપ્ટર માત્ર લાલ કિલ્લાની આસપાસ જ નહી બલ્કે સમગ્ર દિલ્હી -એનસીઆર પર નજર રાખશે. સુરક્ષા માટે ફુલપ્રુફ પ્લાન અમલી છે. સાવચેતીના તમામ પગલા લેવાયા છે. સુરક્ષા દળો સામે પડકારરૂપ સ્થિતી સર્જાઈ છે. કલમ ૩૭૦ની નાબુદી બાદ આ વખતે હુમલાની શકયતાને ધ્યાનમાં લઈને આકાશથી જમીન અને જમીનની અંદર પર કેટલાક સ્તરની સુરક્ષા રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. હાઈટેક ગેજેટ, બોડી આર્મર, હેલ્મેટ અને દુરબીન સાથે સજ્જ જવાનો ગોઠવવામાં આવનાર છે. ૧૫મી ઓગષ્ટના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઐતિહાસિક લાલ કિલ્લા પર છઠ્ઠી વખત તિરંગો ધ્વજ લહેરાવશે. ત્યારબાદ ભાષણ આપશે. મોદી લાલ કિલ્લા પરથી ભાષણ કરનાર છે. આ વખતે લાલ કિલ્લાની સુરક્ષા કેટલીક રીતે અલગ પ્રકારની રહેશે. એક વરિષ્ઠ અધિકારીએ કહ્યુછે કે ડોગ સ્કોવોડ અને બોમ્બ ડિકેટ્શન ટીમની મદદથી વિસ્તારમાં દરરોજ એક ડઝન વખત સાફ કરવામાં આવે છે. ક્વિક રિએકશન ટીમો મોરચા સંભાળી ચુકી છે. છેલ્લા કેટલાક દિવસથી લાલ કિલ્લાને દિલ્હી પોલીસની પીએમ સિક્યુરિટી વિંગની નજર હેઠળ છે.સીઆઈએસએફની મદદ પણ લેવામાં આવી રહી છે. આમાં સીઆઈએસએફના ૩૦૦ જવાનો તૈનાત રહે છે. ૧૫મી ઓગષ્ટ માટે વધારાના ૩૫૦-૪૦૦ જવાનોને તૈનાત કરવામાં આવી રહ્યા છે. લાલ કિલ્લાની નજીક એક દિવસ માટે મેટ્રો ટ્રેનને બંધ રાખવામાં આવશે. તેની બન્ને બાજુએ ગાર્ડ તૈનાત કરવામાં આવી ચુકયા છે. લાલ કિલ્લાની આસપાસ મહત્વપૂર્ણ જગ્યાએ ૩૦૦થી વધારે શાર્પ શુટરો રાખવામાં આવ્યા છે. કોઈ પણ ત્રાસવાદી હુમલાને રોકવા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. સીસી ટીવી કેમેરા ચારેબાજુ સ્થિતી પર નજર રાખનાર છે. બેરિકેડ પર સઘન તપાસ કરવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક દિવસથી સિક્યુરિટી ચેકિંગના નામ પર દિલ્હીના મુખ્ય માર્ગો પર જગ્યા જગ્યાએ બેરિકેડ મુકી દેવામાં આવ્યા છે. બેરિકેડ પર તૈનાત પોલીસ ગાડીની તપાસ કરી રહ્યા છે. કેટલાક લોકોએ ફરિયાદ કરતા કહ્યુ છે કે બેરિકેડના કારણે મુખ્ય માર્ગો પર ટ્રાફિક જામની સ્થિતી રહી છે. ઓળખ છુપાવીને મકાન ભાડેથી લઈને લેતા લોકોની ધરપકડ કરવામાં આવી રહી છે. જુની કારના ડિલરોને પણ એલર્ટ રહેવા માટે કહેવામાં આવ્યુ છે. કોઈ પણ અજાણ અને શંકાસ્પદ વ્યક્તિને કાર ન વેચવા માટે કહેવામાં આવ્યુ છે. જો કોઈ આવી વ્યક્તિ આવે તો પોલીસને જાણવ કરવા માટે કહેવામાં આવ્યુ છે. સાયબર કેફે ચલાવનાર લોકોને પણ એલર્ટ રહેવા માટે કહેવામાં આવ્યુ છે.કેફેમાં સીસીટીવી અને આવનાર દરેક વ્યક્તિની પુરતી માહિતી રાખવા માટે કહેવામાં આવ્યુ છે. ભીડ ધરાવતા માર્કેટમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. પોલીસ શંકાસ્પદ લોકોની અવરજવર પર નજર રાખી રહી છે. બ્લેક કલરની ફિલ્મ ધરાવનાર કારને પણ પકડી પાડવામાં આવી રહી છે. સમગ્ર ધ્યાન દિલ્હીની સરહદ પર કેન્દ્રિત છે.

બનાસકાંઠામાં નવા ૧૦ પોઝિટિવ કેસ નોંધાયા

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં મંગળવારે કોરોના પોઝિટિવ વધુ ૧૦ કેસ નોંધાયા હતા. જેની સાથે કુલ આંક ૮૮૩ થયો છે.

બનાસકાંઠા જિલ્લામાં એક સપ્તાહની રાહત બાદ કોરોના વાયરસે મંગળવારે માથું ઊંચક્યું હતું. જ્યાં વધુ ૧૦ કેસ નોંધાયા હતા. ડીસા ૭, પાલનપુર ૧ દાંતીવાડા ૨માં દર્દીઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. દાંતીવાડા ખાતેમંગળવારે વધુ બે કેસ કોરોના પોઝિટિવ આવતા તંત્ર દોડતું થયું છે. આ પરિવાર રક્ષાબંધન ના તહેવાર નિમિતે પોતાના વતન ગયેલ હોવાથી ઘરે આવતા તાવ શરદી લક્ષણો જણાતા આજે રોજ દાંતીવાડા તાલુકાના વાઘરોલ પી.એચ.સી ખાતે પિતા-પુત્ર સહિત પુત્રીને જેવો હાલ શિક્ષકમાં ફરજ બજાવે છે તેમજ પુત્ર તેમના સેમ્પલ લેવાયા બાદ આજે રિપોર્ટ પોઝિટિવ આવતા તેમને હાલ હોમ કવોરાઇન્ટાઇન કરી આરોગ્ય વિભાગ દ્વારા સારવાર આપવામાં આવી હતી. બે કેસ પોઝિટિવ આવતા તેમની સાથે પ્રાયમરી કોન્ટેકમાં આવેલ ૨૧ તેમજ ૧૦૬ સેકન્ડરી કોન્ટેકમાં આવલ વ્યક્તિઓને આરોગ્યની ટીમે કવોરોન્ટાઇન કરવાની તજવીજ હાથ ધરી છે. તાલુકામાં કોરોના પોઝીટીવના કેસને પગલે આરોગ્ય વિભાગના અધિકારીઓ દોડતા થયા છે. હાલ કોલોની સિપુવસાહત બ્લોક સર્વેની સાથે આરોગ્ય સ્થતિના રિપોર્ટિંગમાં લાગી ગઈ છે સ્થાનિક લોકોમાં ફફડાટ જોવા મળ્યો હતો.

૭૪માં સ્વાતંત્ર્ય દિનના રાષ્ટ્રીય પર્વે નાગરિકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૧૪

૭૪મા સ્વાતંત્ર્ય દિનના રાષ્ટ્રીય પર્વ પર ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે રાજ્યના સૌ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

રાજ્યપાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું છે કે આપણા મહાન વીર નાયકોએ દેશની આઝાદી કાજે પોતાના મહામૂલા પ્રાણોની આહુતિ આપી હતી. તેમણે શહિદોને ભાવભરી અંજલિ અર્પિત કરતાં જણાવ્યું હતું કે આ રાષ્ટ્રીય પર્વ આપણને મહાન સ્વાતંત્ર્ય વીરોના અસીમ રાષ્ટ્રપ્રેમ, અપ્રતિમ શૌર્ય અને બલિદાનોની ગાથાઓનું સ્મરણ કરાવે છે. એટલું જ નહી મહામૂલી આઝાદીના જતન-સંવર્ધન પ્રત્યે વધુ ને વધુ પ્રતિબદ્ધ બનવાની પ્રેરણા પૂરી પાડે છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે આજનો આ પાવન અવસર આત્મખોજ કરવાનો અવસર છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ સત્ય અને અહિંસાના માર્ગે ચાલી લોકોમાં ચેતનાનો સંચાર કર્યો હતો અને સમગ્ર દેશને અંગ્રેજોની ચુંગાલમાંથી મુક્ત કર્યો હતો. આપણે ગાંધીજીના માર્ગે વિશ્વ શાંતિ સ્થાપનાના આપણા લક્ષ્યને સિદ્ધ કરવા પુરૂષાર્થ કરવો પડશે.

રાજ્યપાલશ્રીએ મહાત્મા ગાંધી, લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ, પૂજ્ય રવિશંકર મહારાજ જેવી અનેક મહાન વિભૂતિઓ અને મહાનાયકોએ ચીંધેલા માર્ગ પર દેશની મહામૂલી આઝાદીનું રક્ષણ અને સંવર્ધન કરવા માટે સંકલ્પબદ્ધ થવા સૌને અનુરોધ કર્યો હતો.

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'આત્મનિર્ભર ભારત'ના સ્વપ્નને સાકાર કરવા ઉપરાંત ગુજરાત રાજ્યની યશસ્વી વિકાસ યાત્રામાં રાજ્યના સૌ નાગરિકો પોતાનું મૂલ્યવાન યોગદાન આપશે તેવી કામના પણ રાજ્યપાલશ્રીએ વ્યક્ત કરી હતી.

પારસી નૂતન વર્ષ 'નવરોઝ' પર્વની શુભકામનાઓ પાઠવતા રાજ્યપાલશ્રી

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે પારસી નૂતન વર્ષ 'નવરોઝ'ના પાવન અવસરે પારસી સમુદાયને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું છે કે 'નવરોઝ'નું પાવન પર્વ ઉત્સાહ અને ઉલ્લ